



ખેડા જિલ્લાના નડિયાદ પાસેના બિલોદરા ગામે ભરવાડોમાં ભેલાણ કરતાં ઠાકોર સમાજના બે યુવાનોએ ભરવાડોને ભેલાણ કરતાં અટકાવતાં મામલો બિચક્યો હતો. અને ભરવાડો-દરબારોના ટોળાઓ સામસામે આવી ગયા હતા. જેમાં સાતથી વધુ લોકો ઘાયલ થયા હતા. ઘટનાની જાણ થતાં નડિયાદ ગ્રામ્ય પોલીસ ઘટના સ્થળે દોડી જતાં બે પોલીસ કર્મચારી અને એક અધિકારી પર ટોળાએ હુમલો કરતાં ઈજાઓ પહોંચી હતી. હુમલાખોરોએ પોલીસના વાહન પર હુમલો કરી ભારે તોડફોડ કરી હતી. ઘાયલોને તાત્કાલિક સારવાર માટે નડિયાદની સ્થાનિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ ઘટના સંદર્ભે નડિયાદ ગ્રામ્ય પોલીસ દ્વારા વિસ્તારમાં ભારે પોલીસ બંદોબસ્ત ખડકી દેવામાં આવ્યો હતો.

# અરવલ્લી-સાબરકાંઠા જિલ્લાની ગૃહિણીઓ અથાણાની કેરીના ભાવમાં વધારો થતા મુંઝવણમાં

મોડાસા, તા. ૩૧

ગુજરાતીઓના ભોજનની થાળીમાં અથાણુ ન હોય તે લગભગ અશક્ય વાત છે. ગુજરાતી લોકો દેશ-વિદેશમાં ફરવા જાય તો પણ જમવાની થાળીમાં સૌ પ્રથમ અથાણા મળશે કે નહિ તેવું હોટલવાળાને પુછવાનું ચુકતા નથી. અથાણા ગુજરાતની ઓળખ બની ગઈ છે. બન્ને જિલ્લાના બજારોમાં અથાણાની કાચી કેરીઓનું મોટાપાયે આવક શરૂ થઈ ગઈ છે. જોવા મળી રહ્યો છે. ગત વર્ષે પ્રતિકિલો રૂ. ૨૫ રૂ. વેચાતી રાજાપુરી અને તોતા કેરીનો ભાવ પ્રતિકિલોએ ૪૦ રૂપીયા થઈ જતા અરવલ્લી-સાબરકાંઠા જિલ્લાની ગૃહિણીઓ અથાણાની કેરીની ખરીદી કરવામાં કરકસર કરી રહી છે. જ્યારે અન્ય મહિલાઓ તો અથાણાથી દૂર રહેવાનું મનમનાવી લીધુ હોય તેમ અથાણાની કેરી ખરીદવા ગૃહિણીઓ ન ફરકતા અથાણાની કેરી વેચતા વેપારીઓ ચિંતામાં ગરકાવ થઈ ગયા છે.



પરંતુ અથાણાની કેરીના ભાવમાં ગત વર્ષ કરતા ૨૫ ટકા જેટલો નોંધપાત્ર વધારો થતા ગૃહિણીઓ મુંઝવણમાં મુકાઈ ગઈ છે. કેરીનો ભાવ પ્રતિ કિલો ૪૦ રૂ. રહેતા ગૃહિણીઓ કાચી કેરી ખરીદવામાં નિરસતા દાખવી રહી છે.

ગુજરાત રાજ્ય અને સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં વૈશાખ મહિનામાં ગૃહિણીઓ અથાણા પાડવા માટે ઉતાવળા બની આખા વર્ષ દરમિયાન ઘરના સભ્યો અને પરિવારજનો માટે અથાણા બનાવવાની તડામાર તૈયારીઓ આદરી દેતી હોય છે. પરંતુ ચાલુ શાલે ગત વર્ષ કરતા અથાણાની કાચી કેરીના ભાવમાં ૨૫ થી ૩૦ ટકાનો નોંધપાત્ર વધારો

મોડાસા શહેરના મુખ્ય બજારમાં અથાણાની કેરીના વેપારીઓનું બજાર ભરાય છે અને સમગ્ર જિલ્લાની ગૃહિણીઓ અથાણાની કેરીની ખરીદી કરવા પડાપડી કરતી હોય છે ત્યારે અથાણાની કાચી કેરી વેચતા મહેશભાઈ વાઘેલાના જણાવ્યા મુજબ દેશમાં મોંઘવારીએ માજા મુકી છે અને આ મોંઘવારીની અસર અથાણાની કાચી કેરીઓને ભરખી જતા અથાણાની કાચી કેરીના ભાવમાં પણ અસહ્ય વધારો થતા જિલ્લાની ગૃહિણીઓ કાચી કેરી ખરીદવા નીરસતા દાખવતા અથાણાની કેરી વેચતા વેપારીઓ અને ફેરીયાઓએ ભારે નુકશાની ભોગવવાનો વારો આવ્યો છે.

# સાકરીયા ગામના ખેતરમાંથી ૧૦ ફૂટ લાંબો અજગર નિકળતાં ગ્રામજનોમાં ગભરાટ

મોડાસા, તા. ૩૧

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના સાકરીયા ગામના એક ખેડૂતપુત્રના ખેતરમાંથી વહેલી સવારે મહાકાય ૧૦ ફૂટ લાંબો અને ૨૦ કિલોથી વધુ વજન ધરાવતો અજગર દેખાતા સાકરીયા ગામના યુવાનોની ટીમે અજગરને પકડી પાડી મોડાસા વનવિભાગના કર્મચારીને બોલાવીને સોંપી દીધો હતો. ખેતરમાં રહેલા અજગરને યુવાનોની ટીમ સાકરીયા પંચાયતના મકાન આગળ લઈ આવતા અજગરને નિહાળવા ગ્રામજનો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા.

મોડાસા શહેરથી ૫ કિમી દૂર આવેલા સાકરીયા ગામના નવનીતભાઈ જેશીંગભાઈ પટેલના ખેતરમાંથી વહેલી સવારે ૧૦ ફૂટ લાંબો મહાકાય અજગર જોવા મળતા આ અંગે ગ્રામજનોને જણાવતા સાકરીયા ગામના યુવાનોની ટીમ ખેતરમાં પહોંચી જઈ સલામત રીતે અજગરને દબોચી લીધો હતો. યુવાનો અને ગામના સરપંચે અજગરને ગ્રામ પંચાયતના મકાન આગળ લાવતા ગ્રામજનો મહાકાય અજગરનો નીહાળવા ઉમટ્યા હતા અને અજગર જોઈને ફફડી ઉઠ્યા હતા. યુવાનોએ વન વિભાગતંત્રને જાણ કરતા મોડાસા વનવિભાગના અધિકારીઓ ટીમ સાથે સાકરીયા ગામે દોડી આવ્યા હતા અને અજગરને સલામત રીતે કોથળામાં પુરી યુવાનોની ટીમ જંગલમાં છોડી આવ્યા હતા. અજગરને જોઈને સાકરીયા ગામના યુવાનોએ અજગર સાથે ફોટો પડાવવાની તક ઝડપી લીધી હતી.




સાકરીયા ગામના યુવાન અરૂણ ચાવડાના જણાવ્યા અનુસાર સાકરીયા ગામ નજીક વનરાજી અને જંગલો ધરાવતા હોવાથી અજગર જેવા અને વન્ય પ્રાણીઓ આ વનરાજીમાં વિહાર કરતા હોય છે. અત્યારે પડી રહેલી કાળઝાળ ગરમી અને બફારાના લીધે સરીસૃપ પ્રાણીઓ અન્ય ઠંડકવાળી જગ્યા અથવા પાણીની શોધમાં બહાર નીકળતા હોય છે. અજગર કદાચ કોઈ શીકારની પાછળ-પાછળ ખેતર સુધી ઘુસી આવ્યો હોય તેવું પણ બની શકે છે.

# રોલા ગામે દિસા માઈક્રોફિન કંપની દ્વારા નિઃશુલ્ક નિદાન કેમ્પ યોજાયો

મોડાસા, તા. ૩૧

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના રોલા ગામે દિશા માઈક્રોફિન ફાઈનાન્સ કંપની દ્વારા શનિવારના રોજ નિઃશુલ્ક કેમ્પ




મેઘરજ માલપુરના રિઝનલ મેનેજર ગિરીશ પરમારની વિશેષ ઉપસ્થિતિમાં યોજવામાં આવ્યો હતો જેમાં રોલા ઉપરાંત આજુબાજુના ગામ લોકોએ આ નિદાન કેમ્પનો લાભ લીધો હતો.

દિશા માઈક્રોફિન પ્રા.લી. દ્વારા ગામડાઓમાં વસતા લોકોને પોતાની આર્થિક પરિસ્થિતિમાં સુધારો લાવવા આ કંપની ઓછા વ્યાજ દરે લોન સ્વરુપે નાણાં આપી લોકોને આર્થિક રીતે મદદરુપ થાય છે અને સાથે સાથે આ કંપની દ્વારા સામાજિક કાર્ય પણ કરવામાં આવે છે અને આ કંપની દ્વારા દર મહિના માલપુર અને મેઘરજ તાલુકાના રિઝનલ મેનેજર દ્વારા અલગ અલગ ગામે એક સારા ડૉકટર દ્વારા નિઃશુલ્ક નિદાન કેમ્પનું આયોજન કરી ઉમદા કાર્ય કરવામાં આવે છે તેવી જ રીતે આ માસના નિદાન કેમ્પનું યોગ્ય મેડિકલ ચેકઅપ કરી દર્દીઓને નિઃશુલ્ક દવા આપવામાં આવી હતી. આ નિદાન કેમ્પમાં મેઘરજ અશોક પ્રજાપતિ, એમ.આઈ.એસ. ઈમરાન ચૌહાણ, સિનિયર સેન્ટર મેનેજર સોમસિંહ ચૌહાણ, જયેશ નાયક તેમજ તમામ સેન્ટર મેનેજરોની વિશેષ ઉપસ્થિતિ રહી હતી અને તમામ ગામ લોકોએ આવા કેમ્પનું આયોજન કંપનીની સેવાને બિરદાવી આભાર માન્યો હતો.

# બનાસકાંઠાના ડાંગીયા ગામે બેટી બચાવો નેમ સાથે ૯૦૦ દિકરીઓની પૂજા કરાઈ



દાંતીવાડા, તા.૩૧

દાંતીવાડા તાલુકા ના ડાગીયા ઉતમપુરા ખાતે ૧૦૮ કુંડી શ્રી શિવશકિત મહાયજ્ઞ અને પ્રાણ પ્રતિસ્ઠા મહોત્સવ નું આયોજન ના ભાગ રૂપે આજરોજ સમગ્ર વિસ્તાર ની ૯૦૦ જેટલી કન્યાઓ ને બોલાવી તેમની પૂજા કરવામાં આવી હતી અને તેમને ભાવતું ભોજન જમાડી તેમને મહંતો હસ્તે દક્ષિણા આપવામાં આવી હતી. એક તરફ સરકાર બેટી બચાવો નામનુ અભિયાન ચલાવી રહી છે તો બીજી તરફ દિકરીઓ પ્રત્યે સમાજમાં સન્માન જળવાય, દિકરીઓનુ મહત્વ વધ અને સમાજને એક નવો સંદેશો પહોંચે તે માટે મંદિરના સંતો તેમજ ગામના અગ્રણીએ મંદિરના પ્રાંગણમાં ૧૦૦૮ મહા યજ્ઞનુ આયોજન કરાવામાં આવ્યુ હતુ જેમાં ૯૦૦ દિકરીઓની પૂજા કરી તેમને જમાડવામાં આવી હતી.તમામ બાળાઓને જમાડ્યા બાદ તેમને દક્ષિણા આપવામા આવી હતી.

ઉલ્લેખનીય છે કે ગામલોકો દ્વારા કરવામા આવેલ આ કાર્યક્રમ ૩ દિવસ સુધી ચાલનાર છે.તમામ દિકરીઓનુ ઉમળકાભેર સ્વાગત કરાતા તમામ બાળાઓના ચહેરા પર હર્ષની લાગણી છવાઈ ગઈ હતી.

# બાયપાસ રોડ પર આવેલ રોયલ પ્લાઝા ગેસ્ટ હાઉસનો પરવાનો મોકૂફ

હિંમતનગર, તા.૩૧

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગરના બાયપાસ રોડ પર આવેલ રોયલ પ્લાઝા ગેસ્ટહાઉસમાં જિલ્લા કલેકટરના જાહેરનામાનો ભંગ કરી નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવતું હોવાનું તપાસ દરમિયાન માલૂમ પડતા સોમવારે હિંમતનગરના પ્રાંત અધિકારી દ્વારા રોયલ પ્લાઝા હોટલ અને ગેસ્ટહાઉસનો પરવાનો મોકૂફ કરવાનો આદેશ કરાયો છે.

આ અંગેની વિગત એવી છે કે હિંમતનગર શહેરના તથા હાઈવે પર આવેલા હોટલો અને ગેસ્ટહાઉસના સંચાલકો દ્વારા નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવતુ હોવાની માહિતી મળતા પ્રાંત અધિકારી કલ્પેશ પાટીદાર તથા સ્ટાફ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. જે દરમિયાન બાયપાસ રોડ પર આવેલ રોયલ પ્લાઝા ગેસ્ટહાઉસના માલિક દ્વારા કલેકટરના જાહેરનામાનો ભંગ કરવામાં આવ્યો હોવાનું માલૂમ પડયુ હતું. આ ઉપરાંત રજીસ્ટરમાં ગ્રાહકોના નામ, સરનામા તથા અંગૂઠાના નિશાન પણ લેવામાં આવ્યા ન હતા.

ઉપરાંત ૨૦થી ૨૫ વર્ષના સ્ત્રી-પુરૂષ ગ્રાહકોની જાતિ, ઉંમર અને જ્ઞાતિ અલગ અલગ હોવાનું માલૂમ પડતા વધુ પુછપરછ કરતા ગેસ્ટહાઉસના સંચાલકો કોઈ સંતોષકારક ખુલાસો આપી શકયા ન હતા. જેથી જિલ્લા મેજીસ્ટ્રેટના શરતોનો ભંગ તથા જાહેરનામા નિયમ ૭/૩ અંતર્ગત બીજો હુકમ ન થાય ત્યાં સુધી પરવાનો મોકૂફ રાખવાનો આદેશ કર્યો છે.

# મોડાસાના સર્વોદયનગર વિસ્તારમાં આજીવિકા મિશન કેમ્પ યોજાયો

મોડાસા, તા. ૩૧

ગુજરાત સરકાર દ્વારા અનેક યોજનાઓ અમલમાં મુકી પ્રજાને રોજગારી ઉપલબ્ધ સુવિધાઓ પુરી પાડવામાં આવે છે. શહેરમાં પણ લોકો આજીવિકા મેળવી શકે તે માટે દિન



દયાળ અંત્યોદય યોજના અંતર્ગત ગુજરાત શહેરી આજીવિકા મિશન કેમ્પનું આયોજન કરવામાં આવી રહ્યું છે. મોડાસા ખાતે વોર્ડ નં. ૩ સર્વોદયનગર વિસ્તારમાં સોમવારે આજીવિકા મિશન કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાં શહેરી ગરીબ બીપીએલ કાર્ડધારકો, મા અમૃતમ્ અને મા વાત્સલ્યો યોજનાના લાભાર્થી મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. ગુજરાત શહેરી આજીવિકા મિશનના મેનેજર નવીનભાઈ પંચાલ, મેનેજર કિશન સોની, સમાજ સંગઠક રાજેન્દ્રસિંહ, સમાજ સંગઠક વૈશાલીબેન ત્રિવેદી, નગરપાલિકા પ્રમુખ વનિતાબેન પટેલ, જાહેર બાંધકામ સમિતિના ચેરમેન આશિષભાઈ જયસ્વાલ, કાઉન્સીલરો લલીતાબેન પટેલ, નિક્રેશભાઈ પરમાર, નર્મદાબેન રાઠોડ, દેનાબેંકના લીડ મેનેજર ગોહિલભાઈ સહિત અનેક આગેવાનો અપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં આજીવિકા મેળવવા માટે કૌશલ્યવર્ધક તાલીમ કોર્સ અને બેંકેબલ લોન અંગે માહિતી પુરી પાડવામાં આવી હતી.

# તલોદ તાલુકાનો નવાવાસથી લાલાની મુવાડી રોડ ૧.૩૦ કરોડના ખર્ચે મંજૂર

તલોદ તાલુકાના નવાવાસથી લાલાની મુવાડી રોડ છેલ્લા ૧૫ વર્ષથી પેવર થયેલ ન હતો. જે રોડ સરકારમાં તેમજ વિધાનસભામાં ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાની રજૂઆતને કારણે રૂ. ૧.૩૦ કરોડના ખર્ચે મંજૂર થયેલ. આ રોડના કામ આજે શરૂ થતાં તેનું ખાતમુહૂર્ત તેમજ ધારાસભ્યનો સન્માન કાર્યક્રમ નવાવાસના ગ્રામજનો દ્વારા રાખવામાં આવેલ. આ પ્રસંગે મહેન્દ્રસિંહ બારૈયા (ધારાસભ્ય, પ્રાંતિજ), અભેસિંહ ઝાલા (ચેરમેન, બાંધકામ સમિતિ), અમરસિંહ ઝાલા (પ્રમુખ, તલોદ તાલુકા પંચાયત, રંગુસિંહ સોલંકી (પૂર્વ પ્રમુખ, તલોદ નગરપાલિકા), અંબાલાલ પટેલ (જિલ્લા પંચાયત સદસ્ય), વિનુભાઈ પટેલ (જિલ્લા પંચાયત સદસ્ય), પી.ડી. ઝાલા (કારોબારી અધ્યક્ષ, તલોદ તાલુકા પંચાયત), નવનીતભાઈ વણકર (ચેરમેન, ન્યાય સમિતિ, તલોદ તાલુકા પંચાયત), સંજયસિંહ ઝાલા, વક્તુસિંહ ઝાલા, પુનમભાઈ પટેલ, માનસિંહ ઝાલા સહિતના તમામ તાલુકા પંચાયતના સદસ્યો તેમજ નવાવાસ સરપંચ અભેસિંહ ઝાલા, લાલાની મુવાડી સરપંચ અજીતસિંહ, સલાટપુર સરપંચ જસુભાઈ પટેલ, માજી સરપંચ ચંદુભા ઝાલા, શિવુભા ઝાલા, અનોપસિંહ ઝાલા સહિત મોટી સંખ્યામાં આગેવાનો, કાર્યકરો તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# બાવીસી ગોમતીવાળ બ્રહ્મસમાજનું ગૌરવ

અમદાવાદના પત્રકાર જીગ્નેશ પંડ્યાનો પુત્ર ભવ્ય પંડ્યાએ ધોરણ-૧૦ પરીક્ષામાં ઉચ્ચ ગુણ પ્રાપ્ત કરી શાળા-સમાજનું ગૌરવ વધાર્યુ છે.



અમદાવાદમાં કાર્યરત પત્રકાર જીગ્નેશ પંડ્યાના પુત્ર ભવ્ય પંડ્યાએ માર્ચ ૨૦૧૬માં લેવાયેલી ધોરણ-૧૦ની પરીક્ષામાં ૯૮.૦૮ પર્સન્ટાઈલ રેન્ક મેળવ્યા હતા અને બાવીસી ગોમતીવાળ બ્રહ્મસમાજ તેમજ કાપડીયા સ્કૂલનું ગૌરવ વધાર્યુ હતું. શાળા પરિવાર તેમજ જ્ઞાતિજનોએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# ભિલોડામાં ગરમીના કારણે નવયુવાનને હાર્ટ એટેક આવતા કરૂણ મોત નિપજ્યું

અરવલ્લી જીલ્લાના ભિલોડામાં ગરમીના કારણે એક નવયુવાનને હાર્ટ એટેક આવતા કરૂણ મોત નિપજ્યું હતું. ભિલોડાના પીપળા ફળી વિસ્તારનો રહેવાસી નવયુવાન યશકુમાર કમલેશભાઈ ઉપાધ્યાય, આશરે ઉંમર વર્ષ-૨૮ છે. ઘરેથી ચાલતા-ચાલતાં બજાર તરફ આવતા નવયુવાનની ગરમીના કારણે એકાએક બજાર વિસ્તારમાં તબિયત લથડતાં ૧૦૮ મારફતે કોટેઝ હોસ્પિટલમાં ખસેડાયો હતો.